# સામાન્ય એનેસ્થેટિક અથવા ઘેનની દવામાંથી સાજા થનાર વ્યક્તિની સંભાળ રાખવી

સામાન્ય એનેસ્થેટિક અથવા ઘેનની દવા લીધા પછી દર્દીઓ સ્પષ્ટ રીતે વિચારી શકતા નથી અને 24 કલાક સુધી તેમના નિર્ણયને અસર થઈ શકે છે.

આ સમય દરમિયાન, તેમણે:

- બાળકો અથવા તેમની સંભાળમાં રહેલા અન્ય લોકો માટે જવાબદારી ન ઉઠાવવી
- વાહન અથવા સાયકલ ચલાવવી નહી
- રાંધવું નહી અથવા કોઈપણ મશીનરીનો ઉપયોગ કરવો નહી
- કોઈપણ મહત્વપૂર્ણ નિર્ણયો લેવા નહી, ભલે તેમને એમ લાગે કે તેઓ ઠીક છે
- સોશિયલ મીડિયા/પબ્લિક ફોરમ પર પોસ્ટ કરવાનું ટાળવું જોઈએ
- દારૂ ન પીવો.

તમને કોઈ સંબંધી અથવા મિત્રને ઘરે લઈ જવા અને તેમની સાર-સંભાળ રાખવાનું કહેવામાં આવ્યું છે, જેમને તેમની સારવાર માટે અથવા સામાન્ય એનેસ્થેટિક હેઠળની પ્રક્રિયા માટે ઘેનની દવા મળી છે. આ પત્રિકા તમને તેઓ સ્વસ્થ થાય ત્યાં સુધી શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ અને તમારે શું અપેક્ષા રાખવી જોઈએ તે વિશે સામાન્ય માહિતી આપે છે. આ તમને આગોતરું આયોજન કરવામાં મદદ કરશે.

## મારે શું અપેક્ષા રાખવી જોઈએ?

ઘેનની દવા અથવા એનેસ્થેટિક કેટલાક દર્દીઓને સહેજ મૂંઝવણમાં મૂકી શકે છે અને
તેમની સારવાર પછી અસ્થિર. ખાસ કરીને, તે તેમના નિર્ણયને અસર કરી શકે છે જેથી તેઓ સ્પષ્ટ રીતે વિચારી શકતા નથી. આ 24 કલાક સુધી ચાલી શકે છે, એટલેકે બીજા દિવસ સુધી. આ સમય દરમિયાન તમારે તેમના પર ધ્યાન રાખવું જોઈએ. જ્યારે તેઓ હોસ્પિટલમાંથી ઘરે આવશે ત્યારે તેઓ કેવી રીતે ગોઠવણ કરશે તે ધ્યાનમાં લેવું મદદરૂપ થઈ શકે છે. ઉદાહરણ તરીકે, જો પલંગને ભોંયતળિયે ખસેડવામાં આવે તો કેટલાકને તે મદદરૂપ થઈ શકે છે.

## હું મારા મિત્ર અથવા સંબંધીને ક્યારે લઇ જઈ શકું?

હોસ્પિટલનો સ્ટાફ તેમને ત્યારે જ ઘરે જવા દેશે જ્યારે તેઓ પ્રક્રિયામાંથી સારી રીતે સ્વસ્થ થઈ ગયા હોય, અને તમે તેમની સાથે રહેવા માટે ત્યાં હોવ. સામાન્ય એનેસ્થેટિક અથવા ઘેનની દવા પછી દર્દીઓએ 24 કલાક સુધી વાહન ચલાવવું જોઈએ નહીં, તમે 18 વર્ષથી વધુ ઉંમરના સક્ષમ પુખ્ત હોવા જોઈએ જે તેમને કાર અથવા ટેક્સી દ્વારા ઘરે લઈ જઈ શકે - જાહેર પરિવહન થી નહીં.

સ્ટાફ તમને ચોક્કસ ડિસ્ચાર્જ કરવાનો સમય આપી શકશે નહીં કારણ કે કેટલાક દર્દીઓને એનેસ્થેટિક, ઘેનની દવા અથવા શસ્ત્રક્રિયા પછી સ્વસ્થ થવામાં બીજા કરતા વધુ સમય લાગે છે. જો કે, તમને અંદાજિત સમય અથવા કોલ કરવા માટે નંબર આપવામાં આવશે. તમારો સંપર્ક કરવા માટે નર્સ તમારો ફોન નંબર પણ લેશે. જો દર્દી ચાલવા માટે અસમર્થ હોય, તો તેમને તમારા વાહન સુધી સુરક્ષિત રીતે લઇ જઈ શકવા માટે વ્હીલચેર આપવી જોઈએ.

## શું મને કહેવામાં આવશે કે મારે શું કરવાની જરૂર છે?

ડૉક્ટરો તમારા મિત્ર અથવા સંબંધીને ચોક્કસ લેખિત સૂચનાઓ આપશે, જેમાં નીચેનાનો સમાવેશ થવો જોઈએ:

- જ્યારે તેઓ ઘરે જાય ત્યારે શું અપેક્ષા રાખવી
- પ્રક્રિયા પછી ખાવા, પીવા અને તેમની સામાન્ય દવાઓ લેવા વિશે સૂચનાઓ
- ચિંતાની કોઈ બાબત હોય અને જો તમને અથવા તેમને કોઈ પ્રશ્નો હોય અથવા જો તેમની તબિયત સારી ન હોય તો હોસ્પિટલનો સંપર્ક કરવા માટેનો નંબર
- જે વસ્તુઓ તેઓ તેમની પ્રક્રિયા પછી કરી શકે છે અને કરી શકતા નથી
- કોઈપણ વધારાની દવા વિશેની માહિતી જે તેમને લેવાની જરૂર પડી શકે છે, જેમ કે પીડા માં રાહતની દવા
- ઘા ધોવા અને તેની કાળજી વિશે માહિતી. તમારે તમારા મિત્ર અથવા સંબંધી સાથે આ સૂચનાઓ વાંચવી જોઈએ અને તેનું પાલન કરવામાં આવે છે તેની ખાતરી કરવામાં મદદ કરવી જોઈએ.

## મારા મિત્ર કે સંબંધીએ ઘરે શું કરવું જોઈએ?

આ તેઓની પ્રક્રિયાના પ્રકાર અને હોસ્પિટલની સૂચનાઓ પર નિર્ભર રહેશે. સામાન્ય રીતે, તેમણે:

- તેમને ફરી સાજા થવામાં મદદ કરવા માટે પુષ્કળ આરામ લેવો
- જો તેઓ અસ્થિર હોય તો સહાય વિના ચાલવું નહીં, અને શક્ય હોયતો સીડી ચઢવું ટાળવું
- તેમની સામાન્ય દવાઓ લેવા અને કોઈપણ વધારાની પીડા શામક દવાઓ વિશે હોસ્પિટલની સૂચનાઓને કાળજીપૂર્વક અનુસરવું
- ખાવા, પીવા અને ધોવા વિશે હોસ્પિટલ દ્વારા આપવામાં આવેલી સૂચનાઓનું પાલન કરો.

## તેઓએ શું ન કરવું જોઈએ?

દર્દીઓ સ્પષ્ટ રીતે વિચારી શકતા નથી અને સામાન્ય એનેસ્થેટિક અથવા ઘેનની દવા લીધા પછી 24 કલાક સુધી તેમના નિર્ણયને અસર થઈ શકે છે. આ સમય દરમિયાન, તેમણે:

- બાળકો અથવા તેમની સંભાળમાં રહેલા અન્ય લોકો માટે જવાબદારી ન ઉઠાવવી
- વાહન અથવા સાયકલ ચલાવવી નહી
- રાંધવું નહી અથવા કોઈપણ મશીનરીનો ઉપયોગ કરવો નહી
- દારૂ ન પીવો.
- કોઈપણ મહત્વપૂર્ણ નિર્ણયો લેવા નહી, ભલે તેમને એમ લાગે કે તેઓ ઠીક છે
- તમારે સોશિયલ મીડિયા/પબ્લિક ફોરમ પર પણ પોસ્ટ કરવાનું ટાળવું જોઈએ.

અમે આ પત્રિકામાંની માહિતીને સચોટ અને અદ્યતન રાખવા માટે ખૂબ જ પ્રયાસ કરીએ છીએ, પરંતુ અમે તેની ખાતરી આપી શકતા નથી. અમે આ સામાન્ય માહિતી તમારી પાસેના બધા પ્રશ્નોને અથવા તમારા માટે મહત્વપૂર્ણ હોય તે દરેક વસ્તુ સાથે વ્યવહાર કરે એવી અપેક્ષા રાખતા નથી. માર્ગદર્શિકા તરીકે આ પત્રિકાનો ઉપયોગ કરીને, તમારે તમારી મેડિકલ ટીમ સાથે તમારી પસંદગીઓ અને કોઈપણ ચિંતાઓની ચર્ચા કરવી જોઈએ. આ પત્રિકા જાતે જ સલાહ તરીકે માનવી જોઈએ નહીં. તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક હેતુ માટે કરી શકાય નહિ. સંપૂર્ણ અસ્વીકરણ માટે, કૃપા કરીને અહીં ક્લિક કરો (www.rcoa.ac.uk/patient-information/translations/gujarati).

બધા અનુવાદો Translators without Borders (ટ્રાન્સ્લેટર વિથાઉટ બૉર્ડર્સ) સમુદાયના અનુવાદકો દ્વારા પ્રદાન કરવામાં આવે છે. અનુવાદોની ગુણવત્તા શક્ય તેટલી સચોટ બનાવવા માટે ચકાસવામા આવેલ છે, પરંતુ તેમાં કેટલીક માહિતીના અચોક્કસ અને ખોટા અર્થઘટનનું જોખમ છે.

# તમે શું વિચારો છો તે અમને કહો

અમે આ પત્રિકામાં સુધારો દર્શાવતા સૂચનોનું સ્વાગત કરીએ છીએ.

જો તમારી પાસે કોઈ ટિપ્પણી છે જે તમે કરવા માંગતા હો, તો કૃપા કરીને તેમને ઇમેઇલ કરો:
patientinformation@rcoa.ac.uk

**રોયલ કોલેજ ઓફ એનેસ્થેટીસ્ટ્સ**
ચર્ચિલ હાઉસ, 35 રેડ લાયન સ્ક્વેર, લંડન WC1R4SG
020 7092 1500

## www.rcoa.ac.uk

બીજી આવૃત્તિ, નવેમ્બર 2021

પ્રકાશનની તારીખના ત્રણ વર્ષમાં આ પત્રિકાની સમીક્ષા કરવામાં આવશે.

**© 2021 રોયલ કોલેજ ઓફ એનેસ્થેટિસ્ટસ્**

આ પત્રિકા દર્દીની માહિતી અંગે મટેરીયલ બનાવવાના હેતુથી નકલ કરી શકાય છે. કૃપા કરીને આ મૂળ સ્રોતને ટાંકવું ભૂલશો નહી જો તમે આ પત્રિકાના ભાગને બીજા પ્રકાશનમાં વાપરવા માંગતા હો, તો લોગો, બ્રાંડિંગ અને છબીઓ દૂર કરવી આવશ્યક છે અને તેને યોગ્ય માન્યતા આપવી જ જોઇએ. વધુ માહિતી માટે, કૃપા કરીને અમારો સંપર્ક કરો.